**પ્ર.:૧ મોટા બાસઠિયાના આધારે નીચેના બોલનો બાસઠિયો લખો : ૩૫**

**ક) માત્ર અંકમાં (કોઈ પણ આઠ) (૮)**

જ:

| | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧) | સમુચ્ચય સમકિતી | ૬ | ૧૨ (૧, ૩ વર્જીનો) | ૧૫ | ૯ (૫ જ્ઞાન ૪ દર્શન) | ૬ |
| ૨) | એકેન્દ્રિય | ૪ | ૧ પ્રથમ | ૫ | ૩ | ૪ પ્રથમ |
| ૩) | યથાખ્યાત ચારિત્રી | ૧ | ૪ (૧૧ થી ૧૪) | ૧૧ | ૯ | ૧ |
| ૪) | આહારક શરીર | ૧ | ૨ (૬, ૭) | ૧૨ | ૭ | ૬ |
| ૫) | ભાષક | ૫ | ૧૩ (પ્રથમ) | ૧૪ | ૧૨ | ૬ |
| ૬) | શ્રુતજ્ઞાની | ૬ | ૧૦ (૨, ૪ થી ૧૨) | ૧૫ | ૭ | ૬ |
| ૭) | મનયોગી | ૧ | ૧૩ (પ્રથમ) | ૧૪ | ૧૨ | ૬ |
| ૮) | અપકાય | ૪ | ૧ લું | ૩ | ૩ | ૪ પ્રથમ |
| ૯) | સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ | ૧ લું | ૩ | ૪ | ૩ પ્રથમ |
| ૧૦) | અકષાયી | ૧ | ૪ (૧૧ થી ૧૪) | ૧૧ | ૯ | ૧ શુક્લ |

**જ: ખ) સંપૂર્ણ બાસઠિયો લખો (કોઈ પણ ચાર) (૮)**

૧) નરકગતિ : જીવના ભેદ ૩ તે ૧) સંજ્ઞી પંચે નો અપર્યાપ્તો, ૨) સંજ્ઞી પંચે નો પર્યાપ્તો, ૩) અસંજ્ઞી પંચેનો અપર્યાપ્તો.
ગુણસ્થાન - પ્રથમ - ૪
જોગ - ૧૧ તે ૪ મનના, ૪ વચનના, ૧ વૈક્રિય, ૧ વૈક્રિય મિશ્ર, ૧ કાર્મણ કાયયોગ
ઉપયોગ - ૯ તે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન
લેશ્યા - ૩ પ્રથમ

૨) સ્ત્રીવેદ : જીવના ભેદ - ૨ સંજ્ઞીના,
ગુણસ્થાન - ૯ પ્રથમના,
જોગ - ૧૩ તે આહારકના બે વર્જીને
ઉપયોગ - ૧૦ કેવલજ્ઞાનના બે વર્જીને
લેશ્યા - ૬

૩) ચક્ષુદર્શની : જીવના ભેદ - ૬ ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય ને સંજ્ઞી પંચેન્દ્રિય એ ત્રણના અપર્યાપ્તા ને પર્યાપ્તા.
ગુણસ્થાન - ૧૨ (૧ થી ૧૨)
યોગ - ૧૪ કાર્મણ યોગ વર્જીને
ઉપયોગ - ૧૦ કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને
લેશ્યા - ૬

૪) સૂક્ષ્મ : જીવના ભેદ - ૨ (સૂક્ષ્મ એકેન્દ્રિયનો અપર્યાપ્તા ને પર્યાપ્તા)
ગુણસ્થાન - ૧ પ્રથમ
જોગ - ૩, ૨ ઔ, ૧ કાર્મણ નો
ઉપયોગ - ૩, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન
લેશ્યા - ૩ પ્રથમ

૫) સમુચ્ચય કેવળી : જીવના ભેદ – ૨ સંજ્ઞીના
ગુણસ્થાન – ૧૧ તે ૪ થી ૧૪
જોગ – ૧૫
ઉપયોગ – ૯ તે ૩ અજ્ઞાન વર્જીને
લેશ્યા – ૬

**ગ) માગ્યા પ્રમાણે કરો : (૬)**

| | | | જવાબ |
|---|---|---|---|
| ૧) | અચરમમાં ગુણસ્થાન | – | ૧ લુ |
| ૨) | સાકાર ઉપયોગમાં જોગ | – | ૧૫ |
| ૩) | વિભંગ જ્ઞાનીમાં જીવના ભેદ | – | ૨ સંજ્ઞીના |
| ૪) | દેવગતિમાં લેશ્યા | – | ૬ |
| ૫) | સમુચ્ચય જીવમાં ઉપયોગ | – | ૧૨ |
| ૬) | નો સૂક્ષ્મ નોબાદરમાં જીવના ભેદ | – | નથી ૦ |

**જ: ઘ) અલ્પ બહુત્વ લખો (કોઈ પણ ચાર) (૮)**

૧) <u>સંજય દ્વાર :</u> સર્વથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રી સંખ્યાતા.
તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રી સંખ્યાત ગુણા.
તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાત ગુણા.
તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાત ગુણા.
તેથી સામાયિક ચારિત્રી સંખ્યાત ગુણા.
તેથી સંજતિ વિશેષાધિક.
તેથી સંજતાસંજતિ અસંખ્યાત ગુણા.
તેથી નો સંજતિ નો અસંજતિ, નો સંજતા સંજતિ અનંતગુણા.
તેથી અસંજતિ અનંતગુણા.

૨) <u>સમકિત દ્વાર :</u> સર્વથી થોડા સાસ્વાદન સમકિતી અસંખ્યાતા.
તેથી ઉપશમ સમકિતી સંખ્યાત ગુણા.
તેથી મિશ્રદૃષ્ટિ અસંખ્યાત ગુણા.
તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી માંહો માંહે તુલ્ય અને અસંખ્યાત ગુણા
તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા.
તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક
તેથી મિથ્યાદ્રષ્ટિ અનંતગુણા

૩) <u>કષાય દ્વાર :</u> સર્વથી થોડા અકષાયી (અનંતા)
તેથી માન કષાયી અનંતગુણા.
તેથી ક્રોધ કષાયી વિશેષાધિક
તેથી માયા કષાયી વિશેષાધિક
તેથી લોભ કષાયી વિશેષાધિક
તેથી સકષાયી વિશેષાધિક

૪) <u>ગતિ દ્વાર :</u> સૌથી થોડી મનુષ્યાણી (સંખ્યાતી)
તેથી મનુષ્ય (સંમૂર્ચ્છિમ સહિત) અસંખ્યાતગુણા.
તેથી નારકી અંસખ્યાત ગુણા
તેથી તિર્યંચાણી અંસખ્યાત ગુણા
તેથી દેવતા અંસખ્યાત ગુણા
તેથી દેવી સંખ્યાત ગુણી
તેથી સિધ્ધભગવંત અનંતગુણા
તેથી તિર્યંચ અનંતગુણા

૫) <u>સમુચ્ચય કેવળી દ્વાર :</u> સર્વથી થોડા જુગલિયા
તેથી સંમર્ચ્છિમ મનુષ્ય અંસખ્યાત ગુણા
તેથી અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અંસખ્યાત ગુણા
તેથી વીતરાગી અનંતગુણા
તેથી સમુચ્ચય કેવળી વિશેષાધિક

**ચ) માગ્યા પ્રમાણે જવાબ લખો : (૫)**

૧) માત્ર ત્રણ શુભલેશ્યા કયા બોલમાં લાભે ?
**જ:** ૧) માત્ર ત્રણ શુભલેશ્યા – પરિહાર વિશુધ્ધ ચારિત્રમાં
૨) માત્ર પહેલું અને ચોથું આ બે ગુણસ્થાન કયાં લાભે ?
**જ:** ૨) માત્ર પહેલું અને ચોથું ગુણસ્થાન – જુગલીયામાં
૩) જીવના ૧૦ ભેદ ત્રસકાય સિવાય બીજે કયાં લાભે ?
**જ:** ૩) જીવના ૧૦ ભેદ ત્રસકાય સિવાય – અભાષકમાં
૪) મનયોગી, કાયયોગી અને અયોગીમાં સૌથી વધુ કોણ ?
**જ:** ૪) મનયોગી, કાયયોગી અને અયોગીમાં સૌથી વધુ – અયોગી
૫) બાસઠિયાના ૧૦મા અને ૧૭મા દ્વારનું નામ લખો.
**જ:** ૫) બાસઠિયાના ૧૦મું દ્વાર – જ્ઞાનદ્વાર, ૧૭મું દ્વાર – પર્યાપ્તા દ્વાર

**પ્ર.: ૨ રૂપી – અરૂપીના આધારે નીચેના જવાબ લખો. ૧૦**

**ક)** ૧) દ્રવ્ય કેટલા છે ? તેમાંથી રૂપી કેટલા અને અરૂપી કેટલા ? કયા કયા ?
**જ:** ૧) દ્રવ્ય છ છે. તેમાંથી માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપી છે. બાકીના પાંચ દ્રવ્ય અરૂપી છે. (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય, જીવાસ્તિકાય, કાળ)
૨) રૂપી અને અરૂપીમાં શું તફાવત છે ? તે બંનેમાં કેટલા બોલ છે ?
**જ:** ૨) જેમાં ૧ થી ૫ વર્ણ, બે ગંધ, ૫ રસ અને ૪ – ૮ સ્પર્શ છે તે રૂપી છે. જ્યારે જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી તે અરૂપી છે. રૂપી ચૌસ્પર્શીના ૩૦ બોલ છે જ્યારે રૂપી આઠ સ્પર્શીના ૫૧ બોલ છે. તેવી જ રીતે અરૂપીના ૬૧ બોલ છે.
૩) રૂપી ચૌસ્પર્શીના બોલ બતાવતી ગાથા લખો.
**જ:** ૩) કમ્મટ્ઠ પાવઠાણાય, મણ વય જોગા ય કમ્મ દે હે
સુહુમ પ્પએસિ ખંધે, એ સવ્વે ચઉ ફાસા.
૪) આઠ સ્પર્શી કોન કહેવાય ? વ્યાખ્યા લખો.
**જ:** ૪) જેમાં પાંચ વર્ણ, પાંચ રસ, ૨ ગંધ તેમ જ શીત, ઉષ્ણ, લુખો, સ્નિગ્ધ, ભારે, હળવો, ખરખરો અને સુંવાળો આ આઠ સ્પર્શ હોય તે આઠ સ્પર્શી કહેવાય.

૫) દ્રવ્ય લેશ્યા અને ભાવ લેશ્યા રૂપી છે કે અરૂપી ? શા માટે ?

**જ:** ૫) દ્રવ્ય લેશ્યા રૂપી છે કારણ કે તે બાહ્ય પુદ્દગલ પરિણામ રૂપે છે જ્યારે ભાવ લેશ્યા અરૂપી છે કારણ આત્માના પરિણામ રૂપે છે.

**જ: ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો તેમજ કેટલા સ્પર્શ હોય ? (૫)**

**સાથે**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | જંબૂદ્વીપ | - | રૂપી | - | ૮ સ્પર્શી |
| ૨) | આયુષ્ય કર્મ | - | રૂપી | - | ચૌસ્પર્શી |
| ૩) | નારકીનું શરીર | - | રૂપી | - | આઠસ્પર્શી |
| ૪) | કેવળજ્ઞાન | - | અરૂપી | - | - |
| ૫) | ચાર સંજ્ઞા | - | અરૂપી | - | - |

**પ્ર.: ૩ ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો : ૧૦**

**જ: ક)** નીચેના જીવ કેટલા અને કયા ઉપયોગ લઈને નીકળે છે કે લખો. **(૫)**

**સાથે**

| | | | |
|---|---|---|---|
| ૧) | આઇસ્ક્રિમમાં રહેલા જીવ | - | ૩ ઉપયોગ – ૨ અજ્ઞાન અને૧ દર્શન |
| ૨) | કબૂતર | - | ૮ ઉપયોગ – ૩ જ્ઞાન , ૩ અજ્ઞાન, ૨ દર્શન |
| ૩) | તમ:પ્રભા નારકીનો જીવ | - | ૫ ઉપયોગ – ૨ જ્ઞાન , ૨ અજ્ઞાન, ૧ દર્શન (ચક્ષુ) |
| ૪) | સંજ્ઞી મનુષ્ય | - | ૮ ઉપયોગ –૩ જ્ઞાન , ૩ અજ્ઞાન, ૨ દર્શન |
| ૫) | જ્યોતિષી દેવ | - | ૫ ઉપયોગ – ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન |

**ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૫)**

૧) ચારે ગતિમાં આવતા કે જતા જીવને કયા કયા ઉપયોગ ક્યારેય ન જ હોય ?

**જ:** ૧) મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદર્શન. આ ચાર ઉપયોગ ચારે ગતિમાં આવતાં કે જતાં જીવને ન હોય.

૨) જીવ કયા કયા બોલમાં પાંચ ઉપયોગ લઈને આવે ?

**જ:** ૨) જીવ સાતમી નરક ના બોલમાં અને ૩ વિકલેન્દ્રિય. તેમ જ તિર્યંચ પંચેન્દ્રિયમાં પાંચ ઉપયોગ લઈને આવે.

૩) પહેલી નરકેથી તીર્થંકર નામ ગોત્ર બાંધેલ જીવ કેટલા ઉપયોગ લઈને નીકળે, કયા કયા ?

**જ:** ૩) પહેલી નરકેથી તીર્થંકર નામ ગોત્ર બાંધેલ જીવ ૩ જ્ઞાન અને ૨ દર્શન લઈને નીકળે.

૪) ગર્ભજ મનુષ્ય કેટલા ઉપયોગ લઈને નીકળે ? કયા કયા ?

**જ:** ૪) ગર્ભજ મનુષ્ય ૮ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન , ૩ અજ્ઞાન અને ૨ દર્શન.

૫) મિથ્યાત્વી જીવને ચારે ગતિમાં કેટલા અજ્ઞાન હોય ? કયા કયા ?

**જ:** ૫) મિથ્યાત્વી જીવને ચારિ ગતિમાં મતિ અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન સાથે જ હોય. તેમ જ વિભંગજ્ઞાન હોય છે.

**પ્ર.: ૪ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો : ૧૦**

૧) અવેદી ગુણને પ્રગટાવવા શું કરવું જોઈએ ? આત્મવિશ્વાસ વધારવા માટે મારો અભ્યાસ શું છે ?

**જ:** ૧) અવેદી ગુણને પ્રગટાવવા ૫ ઇન્દ્રિયના ૨૩ વિષયો પ્રત્યે ઉદાસીનતા રાખવી જોઈએ. તેમ જ આત્મ વિશ્વાસ વધારવા માટે મારો અભ્યાસ મારા શ્વાસથી પણ વધુ ધર્મ પર વિશ્વાસ છે એ હોવો જોઈએ.

૨) લોભને સંતોષથી જીતવાની સાધનાના માત્ર નામ લખો.

**જ: ૨) લોભને સંતોષથી જીતવાની સાધનાના નામ :**

૧) લોભ તો પાપનો બાપ, જીવવું કેટલુ ને જોઈએ કેટલું ?

૨) પર પદ્દગલમાં સુખ નથી માટે પરભવની ચિંતા કરો.

૩) ઇચ્છા લાવે સુખશીલતા, સંતોષ લાવે સહનશીલતા.

૪) દુ:ખનો બોધ દિલના રાખ, અંતે થવાની રાખ.

૫) નાનાં નાનાં વ્રત પચ્ચક્ખાણ લેવા, સંયમ અને સંથારાને નજર સામે રાખવા.

૬) લોભના ખાડામાં સંસારના અખાડામાં

૩) સમતા રાખી એકાવતારી કોણ બન્યું ? મારા - તારાના ભાવ ન રાખે તો શાનો લાભ થાય ?

**જ: ૩) સમતા રાખી ચંડકૌશિક નાગ એકાવતારી બન્યા. મારા - તારાના ભાવ ન રાખે તો સંવર અને નિર્જરા થાય, કાયકલેશ તપનો લાભ મળે.**

૪) લોભ માટે બીજા કયા કયા શબ્દો વાપરવામાં આવ્યા છે ?

**જ: ૪) લોભ માટે ઇચ્છા, અપેક્ષા, તૃષ્ણા, ઋધ્ધિ, આસકિત, મમતા, રાગ, મોહ વગેરે શબ્દો વાપરવામાં આવ્યા છે.**

૫) મારા આત્મશત્રુ કોણ છે ? મારા આત્મગુણો કયા છે ?

**જ: ૫) મારા આત્મશત્રુ રાગ અને દ્વેષ, વિષય અને કષાય, પાપ અને પ્રમાદ જેવા દુર્ગુણો જ છે. જ્યારે ક્ષમા, સંતોષ આત્માના અનંત ગુણ છે. જ્ઞાન દર્શન આત્માનો ગુણ છે. જોવું અને જાણવું આત્માનો સ્વભાવ છે.**

## પ્ર.: ૫ કથા વિભાગના આધારે જવાબ લખો : (ફક્ત મુદ્દાસર જવાબ લખો) ૧૦

૧) નમિરાજા કયા દેવલોકમાંથી કેટલું આયુષ્ય ભોગવીને આવ્યા હતા ? તેમનો માતા - પિતાનું નામ શું હતું ?

**જ: ૧) નમિરાજા મહાશુક્ર દેવલોકમાં ૧૭ સાગરની સ્થિતિનું આયુષ્ય ભોગવીને આવ્યા હતા. તેમના માતા પિતાનું નામ યુગબાહુ અને મદન રેખા હતું.**

૨) મોટો વિજેતા કોણ છે ? શ્રેષ્ઠ વિજય કયો છે ? સમજાવો.

**જ: ૨) જે દુર્જય સંગ્રામમાં ૧૦ લાખ યોધ્ધાઓને એકલો જ જીતી લે છે તેના કરતાં વિષય કષાયમાં રક્ત પોતાના આત્માને જ જે જીતી લે તે, જીતનાર મોટો વિજેતા કહેવાય. આત્માને વશ કરવાનો વિજય જ સૌથી શ્રેષ્ઠ વિજય છે. વિષયી આત્માને જ્ઞાન આત્મા દ્વારા જીતવાથી સાચાં શાશ્વત સુખને પામી શકાય છે. પાંચ ઇન્દ્રિયો ચાર કષાય અને દશમું મન એ બધાને જીતવાં મુશ્કેલ છે પણ એક આત્માને જીતવાથી એ દશને જીતી શકાય છે. માટે જ આત્માને જીતનાર મોટો વિજેતા કહેવાય છે.**

૩) દેવદત્તા મરીને કયાં જશે અને તેનું ભવિષ્યનું ભવભ્રમણ કેવું હશે ?

**જ: ૩) દેવદત્તા ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવીને મરણ પામી રત્નપ્રભા નામની પ્રથમ નારકીમાં ઉત્પન્ન થશે. ત્યાંથી તિર્યંચ ભૂજપર આદિ રૂપમાં જન્મીને બીજી નરકમાં, ત્યાંથી તિર્યંચ ખેચર આદિમાં જન્મી ત્રીજી નરકમાં, ત્યાંથી સ્વયી સ્થળચર તિર્યંચ થઈને ત્યાંથી ચોથી નરકમાં આમ ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી નરકમાં જન્મ ધારણ કરશે. ત્યારબાદ તિર્યંચ યોનિમાં**

અનેક જન્મ મરણ કરી ચોરેન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, વનસ્પતિ આદિ એકેન્દ્રિયમાં વારંવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને ગંગપુરનગરમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં જૈન ધર્મ પામી સંયમની આરાધના કરી સુધર્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને તેનું યથાવત્ પાલન કરીને સિધ્ધિને પામશે.

૪) દેવદત્તા કોણ હતી ? તેનાં લગ્ન કોની સાથે થયાં હતાં ? દેવદત્તા એ કયા સૂત્રનો કયા અધ્યયનનો અધિકાર છે.

**જ:** ૪) દેવદત્તા રોહિતક નગરમાં રહેતા દત્ત ગાથાપતિ. તેમ જ તેની ૫ ભાર્યા કૃષ્ણાશ્રીની પુત્રી હતી. તેનાં લગ્ન વૈશ્રમણ નામના રાજાના પુત્ર પુષ્પનંદી સાથે થયા હતા. દેવદત્તા દુ:ખવિપાક સૂત્ર અધ્યયન ૯ નો અધિકાર છે.

૫) ઇન્દ્રએ યજ્ઞ કરાવી, બ્રાહ્મણોને દાન વગેરે આપીને દીક્ષા અંગીકાર કરવાની પ્રેરણા આપી ત્યારે નમિરાજર્ષિએ શો જવાબ આપ્યો ?

**જ:** ૫) ઇન્દ્રએ યજ્ઞ કરાવી, બ્રાહ્મણોને દાન વગેરે આપીને દીક્ષા અંગીકાર કરવાની પ્રેરણા આપી ત્યારે નમિરાજર્ષિએ જવાબ આપ્યો કે, હે બ્રાહ્મણ ! જે વ્યક્તિ એક મહિનામાં ૧૦, ૧૦ લાખ ગાયોનું દાન આપે તેના કરતાં કંઈ પણ દાન ન કરનારનો સંયમ અધિક શ્રેષ્ઠ છે. યજ્ઞ કાર્ય સાવદ્ય કાર્ય છે. તેમાં પશુવધ અને સ્થાવર જીવોની હિંસા થાય છે. જ્યારે સંયમપાલન સંપૂર્ણ નિર્વધ છે. યોગ્ય પાત્રને દાન આદિ આપવું તે પુણ્યજનક છે, છતાં દાન સંયમથી શ્રેષ્ઠ નથી. તીર્થંકર પણ એક વર્ષ દાન આપ્યા પછી અંતે તો દીક્ષા જ ગ્રહણ કરે છે. અને આપણને બોધ આપે છે કે દાન કરતાં પણ સંયમ શ્રેષ્ઠ છે.

**પ્ર. : ૬ કાવ્ય વિભાગના આધારે પંક્તિ પૂરી કરો : ૧૦**

૧) નથી થાતી .......... અવસર દેજો.

**જ:** ૧) નથી થાતી ધર્મક્રિયા, એનો રંજ ઘણો મનમાં,
દિલડું તો દોડે છે, પણ શક્તિ નથી તનમાં,
મારી હોંશ પૂરી થાયે, એવો શુભ અવસર દેજો.

૨) રાગ નથી .......... વીરની વાણી.

**જ:** ૨) રાગ નથી એને દ્વેષ નથી કોઈ, પ્રેમનો પારા વાર,
નિશદિન કુણાં કાળજડેથી, વહેતી કરુણાની ધાર,
શાતા પામે સઘળાં પ્રાણી, એવી પ્રભુ વીરની વાણી.

૩) પ્રભુ કહે .......... સાથ ગમે છે.

**જ:** ૩) પ્રભુ કહે છે સંકલ્પ કરી લે, સાધુ જીવનમાં મરવું,
કોલ આપે પ્રભુ એવા સાધકને સિધ્ધક્ષેત્રમાં મળશુ (૨)
ધર્મી જીવોને આવો (૨) સાથ ગમે છે.

૪) જડની પ્રતીતિ .......... ઓ ચેતન.

**જ:** ૪) જડની પ્રતીતિ એ મિથ્યા દર્શન છે, ચેતન પ્રતીતિ એ સમ્યકદર્શન છે,
જડની પ્રતીતિ તજી, ચેતનની પ્રતીતિમાં સદા હું મસ્ત બની જાઉં,
ઓ ચેતન....

**પ્ર. : ૭ સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :** **૧૫**

**ક) માગધી લખો :** **(૪)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ન્યાયયુક્ત છે | - | નેઆઉયં |
| ૨) | સ્થિત રહેલાં | - | ઠિઆ |
| ૩) | પરિભુત્તં | - | ભોગવેલી હોય (વાપરી હોય) |
| ૪) | વેરમણં | - | નિવર્તુ છું. |

**ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** **(૨)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | સંકામિયા | - | સંક્રમણ કર્યું હોય, રાખ્યા હોય. |
| ૨) | મહિયા | - | ઇંદ્રાદિથી વિશેષ રીતે પૂજાએલા |
| ૩) | વિરય | - | પાપથી નિવૃત્ત છું. |
| ૪) | ઓદણા વિહિં | - | ચોખા વગેરેની ધાન્યની જાત અને માપની મર્યાદા |

**ગ) નીચે આપેલ પાઠપૂર્તિ કરો :** **(૬)**

૧) મણુન્નં .......... ભંડ કરંડગ સમાણં

**જ : ૧) મણુન્નં મણામં ધિજ્જં વિસાસિયં સમયં અણુમયં બહુમયં ભંડ કરંડગ સમાણં**

૨) પાણા ભોયણાએ .......... રય સંસટ્ઠ - હડાએ.

**જ : ૨) પાણા ભોયણાએ બીય ભોયણાએ હરિય ભોયણાએ પરછા કમ્મિયાએ પુરે કમ્મિયાએ અદિટ્ઠહડાએ દગ સંસટ્ઠહડાએ રય સંસટ્ઠ - હડાએ.**

**ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ ત્રણ)** **(૩)**

૧) મધ્યમ અને ઉત્કૃષ્ટ વંદના કયા પાઠથી થાય છે ? ઉત્કૃષ્ટ વંદના પ્રતિક્રમણમાં કેટલી વાર આવે છે ?

**જ : ૧) મધ્યમ વંદના - તિખ્ખુત્તોના પાઠ થી, ઉત્કૃષ્ટ વંદના - ઇચ્છામિ ખમાસમણાના પાઠથી થાય છે. પ્રતિક્રમણમાં ત્રણ વખત બોલવામાં આવે છે.**

૨) પંચેન્દ્રિયની જીવાયોનિ કેટલી ? કઈ કઈ ?

**જ : ૨) પંચેન્દ્રિયની જીવાયોનિ ૨૬ લાખ છે. ૪ લાખ નારકી, ૪ લાખ દેવતા, ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૪ લાખ મનુષ્યની જાતિ.**

૩) સંખ્યા અને સ્થાનના આધારે અરિહંત અને સિદ્ધનો તફાવત લખો.

**જ : ૩)**

| | <u>અરિહંત</u> | <u>સિદ્ધ</u> |
|---|---|---|
| સંખ્યા : | જ. ૨૦ અને ઉ. ૧૬૦/૧૭૦ | અનંતા |
| સ્થાન : | હાલ મહાવિદેહ ક્ષેત્ર | લોકના અગ્રભાગે સિધ્ધ ક્ષેત્રમાં |

૪) ખંડિયં અને વિરાહિયં એટલે શું ? આ શબ્દ કયા પાઠમાં આવે છે ?

**જ : ૪) વ્રતનો એકાંશે ભંગ એટલે ખંડિયં અને સંપૂર્ણ ભંગ વિરાહિયં કહેવાય છે. પ્રતિક્રમણના બીજા પાઠમાં આવે છે.**

|| જય જિનેન્દ્ર ||